# મહાવીર હોસ્પિટલની સામે જ રહેંસી નંખાયેલા પીંકેશની હત્યામાં વધુ ત્રણની ધરપકડ

**પકડાયેલા** ત્રણેય આરોપીઓએ ભાગનાર આરોપીઓને મોપેડ અને કાર આપી મદદ કરી હતી

સુરતઃ નાનપુરા-ખંડેરાવપુરા વિસ્તારના માથાભારે યુવાનની નાંણાકીય લેતીદેતીમાં તેના એક સમયના અંગત મિત્રએ ગત 31 જાન્યુઆરીએ રાતે અઠવા ગેટ નજીક મહાવીર કાર્ડીયાક હોસ્પિટલની સામે મટકા ચા પાસે બોલાવી રેમ્બો છરાના ઉપરાછાપરી ત્રણથી ચાર ઘા ઝીંકી હત્યા કરી હતી. પોલીસે જે તે સમયે આરોપીઓની ધરપકડ કરી હતી. પરંતુ તેમને ભાગવા માટે વાહન પુરું પાડી મદદ કરનાર વધુ ત્રણ આરોપીઓની ગઈકાલે ધરપકડ કરી છે.

ઉમરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ નાનપુરાના ખંડેરાવપુરા સ્થિત એકતા સર્વિસ સ્ટેશનની લાઇનમાં રહેતા પીકેંશ ઉર્ફે પીન્ટુ રમેશ નવસારીવાલા (ઉ.વ. 33) ની ગત 31 જાન્યુઆરીએ રાત્રે હત્યા થઈ હતી. રેતીના ધંધાની સાથે ફાયનાન્સ પણ ધંધો કરતો પીંકેશ ઉર્ફે પીન્ટુ માથાભારેની છાપ ધરાવતો હતો. છેલ્લા પાંચ-છ મહિનાથી એક સમયના તેના જ અંગત મિત્ર અવી ઉર્ફે અક્સુ દીપક પટેલ (રહે. ઉમા ભવન સામે, ભટાર રોડ) સાથે પૈસાની લેતીદેતીમાં ઝઘડો ચાલી રહ્યો હતો. જે અંતર્ગત મધરાત બાદ અક્સુ અને અવી વચ્ચે ફોન ઉપર ઝઘડો થયો હતો. અને અક્સુએ પીન્ટુને વાતચીત કરવા માટે અઠવા ગેટ સ્થિત મહાવીર કાર્ડીયાક હોસ્પિટલના ફાર્મસી ગેટની સામે મટકા ચા પાસે મળવા બોલાવી ત્યાં હત્યા કરી હતી. ઉમરા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અને ભાગી ગયેલા ચાર જેટલા આરોપીઓને જે તે સમયે પકડી પાડ્યા હતા. આરોપીઓ હાઈવે તરફ ભાગી ગયા હતા. આ દરમિયાન આરોપીઓને ભાગવામાં ઈકો કાર અને મોપેડ પુરી પાડી મદદ કરનાર આરોપીઓ લોજ ચલાવનાર શીવશંકર ઉર્ફ ટીયા નંદીભાઈ કાશીરામ દલાઈ (ઉ.વ.૨૬, રહે. આરજો એપાર્ટમેન્ટ, સીટીલાઈટ તથા મુળ ગંજામ ઓરીસ્સા), ગૌરવ ઉર્ફે ભગો નવીનચંદ્ર વિશ્રામભાઈ કંથારીયા (ઉ.વ.૩૦ ધંધો- ડ્રાઈવીંગ રહે. સર્વોદય સ્ટ્રીટ, મોરા ભાગળ) અને મિહિર S/o મનોજભાઈ ભુપેન્દ્રભાઈ ચૌહાણ (ઉ.વ.૨૪, ધંધો-ધોબીકામ રહેવાસીઃ-ઘર નં.૧૬, હરિહરપાર્ક સોસાયટી, ભટાર ટેનામેન્ટ, ભટાર) ની ધરપકડ કરી છે.

# મોટા વરાછામાં યુવકને હોટલ રેટિંગનો ટાસ્ક આપી 6.94 લાખની ઠગાઈ

**સુદામાચોક** પાસે સૌરાષ્ટ્ર ટાઉનશીપમાં રહેતા 31 વર્ષીય શશીકાંત સવાણીની સાથે ટેલિગ્રામ પર વાત કરી વેબસાઈટ બનાવી આપી

સુરતઃ મોટાવરાછા ખાતે રહેતા યુવકને ટેલીગ્રામ ઉપર વર્ક ફ્રોમ હોમના બહાને હોટલ ઓર્ડરના ટાસ્ક પુરા કરવાથી કમિશન આપવાની લાલચ આપી ઠગબાજોએ 6.94 લાખ પડાવ્યા હતા. સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાયબર ક્રાઈમ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મોટાવરાછા સુદામાચોક પાસે સૌરાષ્ટ્ર ટાઉનશીપમાં રહેતા 31 વર્ષીય શશીકાંત ઠાકરશી સવાણી કડોદરામાં આવેલી ગ્રોથ ઈન્ડસ્ટ્રીઝમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ગત 11 જાન્યુઆરી ૨૦૨૪ થી 26 જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન શશીકાંતને ટેલિગ્રામ ઉપરથી વાત કરનાર અજાણ્યા ઠગબાજોએ વર્ક ફ્રોમ હોમ આપવાનું જણાવી હોટલના ઓર્ડર કરવાના ટાસ્ક પુરા કરવાના બદલામાં કમિશન આપવામાં આવશે. તેવી લાલચ આપી હતી. વેબસાઈટ પર યુઝરનેમ અને પાસવર્ડ બનાવી આપ્યો હતો. તેમાં શશીકાંતે અલગ-અલગ હોટલના ઓર્ડર કરવાના ટાસ્ક પૂર્ણ કરતા સૌ પ્રથમ રૂ. 1042 કમિશન આપી ઠગબાજોએ વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ઠગબાજોએ અલગ-અલગ ટાસ્ક પેટે, ડીલક્ષ ઓર્ડર જનરેટ કરી તેના પેટે રૂપિયા ભરવા જણાવી અલગ-અલગ બેંક ખાતામાં ટુકડે-ટુકડે કુલ રૂપિયા 7.50 લાખ શશીકાંત પાસેથી ટ્રાન્સફર કરાવ્યા હતા. જેમાંથી 55 હજાર વિડ્રો કરવા દઈ બીજા 6.94 લાખ નહીં આપી છેતરપિંડી કરી હતી.

# ડ્રગ્સ વેચાણની બાતમી આપતા હોવાની શંકા રાખી યુવકને રસ્તા પર દોડાવી ચપ્પુના ઘા મારી હત્યા



## સરકારને અજયકુમાર તોમરનો ઓપ્શન નહીં મળતા સીપી વગરના શહેરમાં 48 કલાકમાં 3 હત્યા, ગઈકાલે વરાછા, લિંબાયત બાદ ખટોદરામાં હત્યાની ત્રીજી ઘટના નોંધાઈ

**ખાખી** પર સવાલઃ સોમવારે રાત્રે 11 વાગ્યે તમામ આરોપીઓએ રિંગ રોડ સબજેલની પાસે ગોટાવાળાની સામે આવ્યા હતા અને ત્યાંથી હનિફની પાછળ દોડીને બ્રિજ નીચે જઈ હનિફને ચપ્પુના ઘા મારી પતાવી દીધો હતો

સુરતઃ પોલીસ કમિશનર વિનાના સુરત શહેરમાં ગુનાખોરી ચિંતાજનક હદે વધી રહી છે. અહીં ચોરીચપાટીની જેમ મર્ડર થઈ રહ્યાં છે. શહેરમાં છેલ્લા 48 કલાકમાં હત્યાની ત્રણ ઘટના સામે આવી છે. રિંગરોડ પર આવેલી જૂની સબજેલની નજીક જાહેર રોડ પર 6 જણાએ યુવક ડ્રગ્સ વેચાણની પોલીસમાં બાતમી આપતો હોવાની શંકા રાખીને યુવકને દોડાવી દોડાવીને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી.

ખટોદરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ માનદરવાજા ખાતે પદમાનગરમાં રહેતી 34 વર્ષીય જાહારાબાનુ હનિફ અમિર શેખે ખટોદરા પોલીસ સ્ટેશનમાં તેના પતિ હનિફની હત્યા કરનારા અને પતિના મિત્ર મોહસીન સૈયદની હત્યાનો પ્રયાસ કરનારા આરોપી મોહમદ એજાજ ઉર્ફે ખંજરી હનિફ શેખ, મોહમદ અજરૂદ્દીન ઉર્ફે અજ્જુ ઉર્ફે છોટા ખંજરી હનિફ શેખ, આબીદ ઉર્ફે ડોન મેહમુદ શેખ, અજીમ ઉર્ફે અજ્જુ ઉર્ફે ચિરા રહીમ શેખ, અકબર ઉર્ફે સુપડુ અને ગોપાલ સુભાષ સોનવણે (તમામ રહે., માનદરવાજા) ની સામે ફરિયાદ નોંધાવી છે. ગઈકાલે રાત્રે 11 વાગ્યે તમામ આરોપીઓએ રીંગ રોડ સબજેલની પાસે ગોટા વાળાની સામે આવ્યા હતા. અને ત્યાં હનિફની પાછળ દોડીને બ્રીજ નીચે જઈ હનિફને ચપ્પુના ઘા મારી પતાવી દીધો હતો. તેની સાથે તેના મિત્ર મોહસીન સૈયદ પર જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે ખટોદરા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હનિફ શેખ ગાડી લે વેચનું કામ કરતો હતો. હનિફ અને તેનો મિત્ર પોલીસને આરોપીઓ ડ્રગ્સનું વેચાણ કરતા હોવા બાબતની બાતમી આપતા હોવાની શંકા રાખીને હત્યા કરી છે.

શહેરમાં ચોરીની ઘટનાઓ જેમ રેપ અને મર્ડર કેસ સાવ સામાન્ય બની ગયા છે. તેમ છતાં ચૂંટણીને નજરમાં રાખીને સુરત શહેરમાં પોલીસ કમિશનર નથી મૂકવામાં આવી રહ્યાં, તમામને પોતાના માનીતાને અહીં લાવવામાં રસ છે તેમાં શહેરનું અહિત થઈ રહ્યું છે.




### આરોપીઓ હનિફને ઘરેથી ઉપાડી ગયા હોવાની વાત

મૃતકના ભાઈ શાહરૂખે કહ્યું કે, મારા ભાઈને તેના મિત્રો ઘરેથી ઉપાડી ગયા હતાં. સબજેલ પાસે લઈ ગયા હતા. ત્યાં જઈને મિત્રોએ આરીફને ફોન કરી બોલાવ્યો હતો. આરીફે પોલીસનો બાતમીદાર હોવાનો આક્ષેપ મુકી હનિફને માર્યો હતો. આરીફ સાથે એઝાજ, અહેમદે માર માર્યો હતો. આરોપીઓ એમડી ડ્રગ્સ વેચતા હોવાનો આરોપ પણ શાહરૂખે મૂક્યો હતો. હત્યા કર્યા બાદ તેઓ ભાગી ગયા હતા.

### વરાછામાં પ્રેમીની અને લિંબાયતમાં પ્રેમસંબંધની આશંકાએ હત્યાના પ્રત્યાઘાતો સમે તે પહેલાં ત્રીજું મર્ડર



વરાછા



લિંબાયત

રવિવારે રાત્રે લિંબાયતમાં બહેન સાથે પ્રેમસંબંધની શંકામાં મિત્રએ મિત્રની હત્યા કરી હતી. સોમવારે વરાછાની માધવપાર્ક સોસાયટીમાં બહેનના પ્રેમીને ભાઈ, પિતરાઈ અને કાકાએ ઢોર માર મારી તેનો જીવ લઈ લીધો હતો. આ ઘટનાઓની તપાસ હજુ ચાલી જ રહી હત્યાં તો સોમવારે રાત્રે ખટોદરા પોલીસ મથકના વિસ્તારમાં જૂની સબજેલ નજીક ડ્રગ્સ માફિયાઓએ હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે.

# ચૂંટણી તાલીમમાં ગેરહાજર રહેલા મનપાના 400 કર્મચારીને નોટિસ

**ચુંટણી** ફરજ માટે મનપાના 8139 કર્મચારીના ઓર્ડર નીકળ્યાઃ 150 કર્મચારીઓએ ઓર્ડર રદ કરવા અરજી કરી

સુરતઃ લોકસભા 2024ની ચૂંટણી માટે તંત્ર સજ્જ થઈ રહયું છે. દર વખતની જેમ આ વખતે પણ સુરત મહાનગર પાલિકાના 8139 કર્મચારીઓને લોકસભા ચૂંટણીની કામગીરી સોંપવામાં આવી હતી. જોકે તે પૈકી પ્રથમ તાલીમ શિબિરમાં 400 જેટલા કર્મચારીઓ ગેરહાજર રહેતા તેઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

જયારે 150 કર્મચારીઓએ ચૂંટણીના ઓર્ડર રદ કરાવવા માટે સ્વાસ્થ્ય-પારિવારિક કામોના બહાના કાઢ્યા હતા. મનપાના વર્ગ-૨ના ૨૯૪, વર્ગ-૩ના ૩૮૧૩ અને વર્ગ-૪ના ૪૦૩૨ કર્મચારીઓને ચુંટણી ફરજ માટે ઓર્ડર નીકળ્યા છે.

અત્રે ઉલ્લખનીય છે કે ગત વિધાનસભાની ચૂંટણીની સરખામણીએ હાલમાં લોકસભા ચૂંટણી માટે ૨૫૦ કર્મચારીઓના વધુ ઓર્ડર નીકળ્યા છે. જોકે મનપા દ્વારા એક ડિપાર્ટમેન્ટમાં મહત્વની કામગીરી ચાલતી હોય એક સાથે ૬૭ કર્મચારીઓના ઓર્ડર રદ્દ કરાવવાની અરજી પણ કરાઈ છે. ઉપરાંત હાલમાં ૨૭ માર્ચથી ૨ એપ્રિલ સુધી પ્રથમ તબક્કાની તાલીમ શિબિર યોજાઈ હતી. શિબિરમાં હાજર ન રહેલા ૪૦૦ જેટલા કર્મચારીને કારણદર્શક નોટિસ પણ ફટકારાઈ છે.

## મતદાન જાગૃતિ માટે વૉકેથોન






■ સુરત જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. અઠવાલાઈન્સ પોલીસ પરેગ ગ્રાઉન્ડથી વોકેથોનને પ્રસ્થાન કરાવાયુ હતું. (તસવીર : સતીષ જાદવ)

# શહેરના વિવિધ વિસ્તારોમાં 30થી 35 વર્ષ જૂની ડ્રેનેજ લાઈનો બદલાશે

**50થી** વધુ સોસાયટીઓમાં ડ્રેનેજ લાઇન બદલવાનું કામ ટૂંક સમયમાં શરૂ થશે

**શહેરના** સેન્ટ્રલ અને કતારગામ ઝોનમાં આવેલી અનેક સોસાયટીઓ દ્વારા વર્ષો જૂની ડ્રેનેજ લાઈન બદલવા પાલિકાને અરજીઓ પણ મળી છે

સુરત : શહેરમાં ગટર લાઈન બ્લોક થવાની અને ઉભરાવાની ફરિયાદો વધી રહી છે. ખાસ કરીને જ્યાં વરસો જૂની લાઈનો છે, ત્યાં આ ફરિયાદ વધુ છે. જેને ધ્યાને રાખીને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં ડ્રેનેજ લાઈન 30થી 35 વર્ષ જુની હોવાથી જર્જરિત થઈ હોય તેવા કિસ્સામાં આવી લાઈન બદલવા માટે ઝોન અને ડ્રેનેજ વિભાગ દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે. તેમજ 50 જેટલી સોસાયટીઓમાં જર્જરિત થયેલી ડ્રેનેજ લાઈન બદલવા માટે આયોજન પણ કરી દેવાયું છે.

શહેરમાં વર્ષો જૂના ડ્રેનેજ નેટવર્ક ધરાવતા સેન્ટ્રલ અને કતારગામ ઝોનમાં ડ્રેનેજ નેટવર્ક અપગ્રેડ કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તેના આધારે આ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક અપગ્રેડ કરવાની કામગીરી પણ ચાલી રહી છે. આ કામગીરી સાથે સાથે સેન્ટ્રલ અને કતારગામ ઝોન વિસ્તારમાં કેટલીક સોસાયટીઓ દ્વારા વર્ષો જૂની જર્જરિત થઈ ગયેલી ડ્રેનેજ લાઈનને બદલે નવી લાઈન નાંખવા માટેની અરજી પણ આવી હતી. આ મુદ્દે પાલિકા દ્વારા વિચારણા કરીને આવી લાઈન બદલવા માટે નિર્ણય કરાયો હતો. કોટ વિસ્તાર અને કતારગામ-રાંદેર તેમજ અઠવા ઝોન સહિત અન્ય ઝોનમાં કેટલીક સોસાયટીઓમાં થી 35 વર્ષ જૂની ડ્રેનેજ લાઈન છે તેને બદલવા માટે અરજીઓ આવી છે, તે અરજીઓ પર ઝોનના ડ્રેનેજ વિભાગ અને મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ માટે કન્સલ્ટન્ટ પાસે સર્વે કરાવીને મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ લાઈન બદલવામાં આવશે.

### કયા ઝોનમાં કેટલી સોસાયટીનું પ્લાનિંગ તૈયાર ?

અઠવા ઝોનમાં ........14
રાંદેર ઝોનમાં..........22
ઉધના એ ઝોનમાં......2
લિંબાયત ઝોનમાં .....12

# ઉનાળો શરૂ થતા જ આઈસ ડીશની દુકાનો પર આરોગ્ય વિભાગના દરોડા

**પાલિકાના** નાક નીચે શહેરમાં નકલી પનીર અને નકલી ઘીનું વેચાણ થઈ રહ્યું છે, તેની પર લગામ કસવાની વધુ જરૂર છે

**અલગ અલગ** 18 જગ્યાઓ પરથી બરફ, કલર, ક્રીમ અને ડ્રાયફ્રુટનાં નમૂના લઇ પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં મોકલાયા

સુરત : કાળઝાળ ગરમીની શરુઆત સાથે જ શહેરમાં ઠેક ઠેકાણે બિલાડીના ટોપની જેમ રસ્તા પર અને દુકાનોમાં આઈસગોળાનું વેચાણની હાટડીઓ ખુલી ગઈ છે. અને લોકો પણ આઈસ ડીસ ખાઈ ગરમીમાંથી રાહત મેળવવા ભારે ધસારો કરતા જોવા મળે છે. ત્યારે સુરત મનપાના ફુડ વિભાગ દ્વારા શહેરના 18 વિસ્તારોમાં દરોડ કરી બરફ,કલર અને ડ્રાઈફુડ વગેરેના નમુના લેવાયા છે.

વિસ્તૃત વિગતો મુજબ આઈસ ગોળાવાળા ઈન્ડસ્ટ્રીયલ પાણીનો વપરાશ કરીને બરફ બનાવવામાં આવતી હોવા સહીતની ફરિયાદો ઉઠે છે. ત્યારે આજે સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા સુરત શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી આઈસગોળાની દુકાનો અને સ્ટોલ પરથી મળી કુલ 18 સંસ્થાઓમાંથી આઈસ ગોળાના સેમ્પલો લેવામાં આવ્યા હતા. આ સાથે સાથે જ કલર તથા તેમાં વપરાતા મટીરીયલના પણ સેમ્પલો લઈ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં રિપોર્ટ આવ્યા બાદ તેની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

### ક્યાં ક્યાંથી નમુના લેવામાં આવ્યા...



● મોટા વરાછામાં જે.બી. આઈસ ડીશ ગોળા, ● ઘોડદોડ રોડ પર ફાઇવ સ્ટાર આઈસ ડીસ ● વેસુ વિસ્તારમાં આવેલ રજવાડી મલાઈ ગોળા, ● અડાજણ પ્રાઇમ માર્કેટ પાસે રન આઈસ ડીસ ગોળા, ● ઉતરાણ વીઆઈપી સર્કલ પાસે ન્યુ રામ ઓર શ્યામ આઈસ ડીસ, ● વરાછા રોડ પર સરગમ કોમ્પ્લેક્સમાં ગંગા પાર્લર, ● વરાછા હીરાબાગ સંગમ કોમ્પલેક્ષમાં ગેલેક્સી ભેળ હાઉસ, ● સિંગણપોર ચાર રસ્તા પાસે જે બી આઈસ ડીસ ગોલા, ● કતારગામ વિસ્તારમાં કંતારેશ્વર મહાદેવ મંદિર પાસે રામ ઔર શ્યામ ● સીટીલાઈટ વિસ્તારમાં બાપા સીતારામ ડ્રાયફ્રુટ ગોળા, ● ગોડાદરા વિસ્તારમાં શ્રી શક્તિ કોમ્પલેક્ષમાં સપના આઈસ ડીશ ● -ઘોડદોડ રોડ પર રંગીલા પાર્ક ચાર રસ્તા પાસે ધ ચીલ્ડ ખજૂરભાઈ આઈસ ડીસ કોર્નર, ● અડાજણ આનંદ મહેલ રોડ પર રજવાડી મલાઈગોળા, ● સરથાણા વિસ્તારમાં સેતુ રેસીડેન્સી પાસે શ્રી યોગી સોડા એન્ડ નેચરલ શરબત, ● અડાજણ આણંદ મહેલ રોડ પર મહાલક્ષ્મી ટેમ્પલ પાસે જય ભગવતી ડ્રાયફૂટ ડીશ ગોળા

# અમરોલીના આધેડને જમ્યા બાદ ઊલટીઓ થતાં મોત નીપજ્યું

સુરતઃ અમરોલીના આધેડને જમ્યા બાદ ઉલટીઓ થતાં મોત નીપજ્યું હતું. અમરોલી વિસ્તારમાં આવેલી શ્રીરામનગર સોસાયટીમાં સુરેશ શંકર વાઘેલા (55 વર્ષ) પરિવાર સાથે રહેતો હતો. સુરેશ મજુરી કરીને ત્રણ સંતાન સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે રાત્રે 8:30 વાગ્યાના સુમારે સુરેશ વાઘેલા કામ પરથી ઘરે આવ્યા બાદ જમીને બહાર ઓટલા ઉપર બેઠા હતા. તે દરમિયાન તેમને અચાનક ઉલટીઓ થવા લાગી હતી અને તે બેભાન થઈ ગયા હતા. જેથી તેઓને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. છેલ્લાં એકાદ વરસથી શહેરમાં હાલતા-ચાલતાં લોકો મોતને ભેટી રહ્યાં છે, જે માટે સરકાર દ્વારા વિશેષ કોઈ જ પગલાં લેવામાં આવી રહ્યાં નથી. અને હવે તો ખાસ કરીને યુવાઓ પણ આ રીતે મૃત્યુ પામી રહ્યાં છે જે ચોંકવનારી બાબત છે.

## અડાજણના યુવક સાથે ફેસબુકના સંપર્કથી વિધિ કરવાના બહાને ઠગાઈ

# 'ઘરમાં સાત આત્મા છે, બકરાંની બલી ચડાવવી પડશે' કહી રૂ. 15.51 લાખ પડાવનાર ઉજ્જૈનના તાંત્રિકની ધરપકડ

**તાંત્રિકે** ઘરમાં સાત આત્માઓ પૈકી ત્રણ નીકળતી નથી કહીને પહેલાં પૈસા પડાવ્યા, બાદમાં ઘરમાં મોટા પાયે સોનું છે તે માટે સુરત આવવું પડશે કહી ઘરમાં ખાડો ખોદાવી 108 બકરાંની બલી ચઢાવવા કહ્યું હતું

**આ** તમામ વિધિ કરવા સુરત આવેલા તાંત્રિક મુનિશ વિશ્વનાથ ભાર્ગવ અને સાથે આવેલા મનોજ ભાર્ગવની ધરપકડ



સુરતઃ અડાજણના યુવકે ફેસબુક ઉપર ઉજ્જૈનના તાંત્રિક સાથે સંપર્ક કરતા તાંત્રિકે યુવકના ઘરમાં સાત આત્મા છે કહીને વિધી કરવાનું કહ્યું હતું. અને ત્યારથી જે ખેલ શરૂ કર્યો હતો, તેમાં યુવક ફસાતો ગયો. છેવટે સુરત યુવકના ઘરે આવીને પુજા કરી ઘરમાંથી સોનું કાઢવા બકરાની બલી આપવાનું કહીને ટુકડે ટુકડે 15.51 લાખ પડાવ્યા હતા. સાયબર ક્રાઈમ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાયબર ક્રાઈમ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ અડાજણ ખાતે રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા 34 વર્ષીય રાજેશભાઈ નારણભાઈ પરમારએ સાયબર ક્રાઈમ પોલીસમાં બે દિવસ પહેલા ઉજ્જૈનના તાંત્રિકની સામે ફરિયાદ નોંધાવી હતી. વર્ષ 2022માં ફેસબુકમાં શૈલેન્દ્રનાથ અઘોરી તાંત્રિકની જાહેરાત જોઈ રાજેશભાઈએ સંપર્ક કર્યો હતો. મુનિશકુમાર વિશ્વનાથ તરીકે ઓળખ આપનાર તાંત્રિકે યુવકને ઘરમાં સાત ખરાબ આત્માઓ હોવાનું કહી વિધી કરવા કહ્યું હતું. જેના 20 હજાર લીધા હતા. બાદમાં તાંત્રિકે તમારા ઘરમાંથી ત્રણ આત્માઓ નીકળતી નથી. તમારે ત્રણ બકરાની બલી ચઢાવવી પડશે તેમ કહીને બીજા 1.26 લાખ પડાવ્યા હતા. અને પછી ઘરમાં મોટા પાયે સોનું છે તે કાઢવા સુરત આવવું પડશે તેમ કહીને તે સુરત આવ્યો હતો. તેની સાથે એક અજાણ્યો મનોજ ભાર્ગવ નામનો ઈસમ પણ આવ્યો હતો. સુરત આવી ઘરમાં ખાડો ખોદાવી 108 બકરાની બલી આપવાનું કહ્યું હતું. બાદમાં સુદર્શન યજ્ઞ કરાવવાના બહાને બીજા સાડા ચાર લાખ પડાવ્યા હતા. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અને ગઈકાલે પોલીસે મુનિશ ભાર્ગવ અને તેની સાથે આવેલા મનોજ ભાર્ગવની ધરપકડ કરી છે.

# ચેક રિટર્નના કેસમાં વેપારીને બે વર્ષની કેદની સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં કોર્ટે જરીના વેપારીને કસૂરવાર ઠેરવીને બે વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે ફરિયાદી રાજેશ પોપટ ભાલાણી છે. આરોપી પિયુષ વિઠ્ઠલભાઈ ગજેરા (રહે., વાસ્તુ શીલ્પ એપાર્ટમેન્ટ, મોટા વરાછા, સુરત) છે. ફરિયાદી શુભમ જરીના નામથી જરીનો વેપાર કરે છે. આરોપી હેન્ડ વર્કનો બિઝનેસ કરે છે. જેમાં જરીની જરૂરત હોય છે. આરોપી ફરિયાદી પાસેથી જરી ખરીદતા હતા. આરોપીએ ફરિયાદી પાસેથી ઉધારમાં જરી ખરીદી હતી. તેના પેમેન્ટ માટે આરોપીએ 12.05 લાખ રૂપિયાનાં ચાર ચેક આપ્યા હતા. તે ચેક રિટર્ન થતા ફરિયાદીએ તેના એડવોકેટ ચિંતન સવાણી મારફત આરોપી પિયુષ ગજેરાના વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદી ચાલી જતા કોર્ટે આરોપી પિયુષ ગજેરાને કસૂરવાર ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા અને 5 લાખ રૂપિયા ચૂકવવા હુકમ કર્યો હતો.

# મહારાષ્ટ્રથી વીસીના રૂપિયા લેવા માટે સુરત પિયર આવેલી પરિણીતાએ આત્મહત્યા કરી

**નુસરત** સુરત આવી ત્યારબાદ મહારાષ્ટ્રમાં દિયરે મોટા પુત્રને માર મારતા માઠું લાગ્યું હતું

**નુસરત** અને તેનો પતિ બાળકોને મહારાષ્ટ્રમાં મૂકી સુરત પિયરમાં વીસીનો છેલ્લો હપ્તો લેવા માટે આવ્યા હતા

સુરતઃ મહારાષ્ટ્રથી વીસીના રૂપિયા લેવા માટે સુરત પિયર આવેલી 28 વર્ષીય પરિણીતાએ બાથરૂમમાં જઈને ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. નુસરત સુરત આવી ત્યારબાદ મહારાષ્ટ્રમાં તેનો પુત્ર મસ્તી કરી રહ્યો હતો. જેથી તેના દિયરે પુત્રને માર્યો હતો. તેથી નુસરતને માઠું લાગી આવ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં રહેતા ગુલાબભાઈની 28 વર્ષીય પુત્રી નુસરતના અગાઉ મહારાષ્ટ્રના શોએબ પીંજરી સાથે લગ્ન થયા હતા. પતિ શોએબ ટ્રક ડ્રાઈવર છે અને હાલમાં આ દંપતીને સંતાનમાં બે પુત્રો છે. નુસરત અને તેનો પતિ 28 માર્ચના રોજ બંને દીકરાને મહારાષ્ટ્ર મૂકીને સુરત પોતાના પિયરે વીસીનો છેલ્લો હપ્તો લેવા માટે આવ્યા હતા. ત્યારબાદ નુસરતનો હસનેન નામનો મોટો દીકરો મહારાષ્ટ્રમાં પોતાના ઘરે મસ્તી કરી રહ્યો હતો. જેથી તેના સમીર નામના દિયરે તેને માર્યો હતો. તેથી હસનેનએ સુરતમાં આવેલી નુસરતને ફોન કરીને કાકા મારે છે તેમ કહ્યું હતું. તે વાતને લઈને નુસરતે તેના માતા-પિતાને ફરિયાદ કરી હતી. પરંતુ તેના પિતાએ 'કાકા છે માર્યું હશે, તું કેમ આટલું બધું ટેન્શન લે છે' તેમ નુસરતને સમજાવ્યું હતું. માતા-પિતા પણ દિયરનો પક્ષ લે છે. તે વાતનું માઠું લાગી આવતા નુસરત બાથરૂમમાં જઈને ઝેર પીને આત્મહત્યા માટે પ્રયાસ કર્યો હતો.

તેણીને સારવાર માટે બે અલગ-અલગ ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી અને ત્યાંથી મંગળવારે સવારે વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. આ બનાવ અંગે અમરોલી પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.